# શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં./મા-૨/આધાર/૨૦૨૪/13863 તા.૨૦/૦૯/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક શાળાઓ,તમામ
જિ.સુરત

**વિષય**:-વિદ્યાર્થીઓને પ્રથમ વખત આધારકાર્ડ નિઃશૂલ્ક બનાવી આપવા બાબત.
**સંદર્ભ**:- પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,ગુ.રા.ગાંધીનગરનો પત્ર ક્રમાંક નં.પ્રાશિનિ/આધાર/૨૦૨૪/૨૮૬૨-૯૪૮ તા.૧૮/૦૯/૨૦૨૪

આ સાથે સામેલ પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,ગુ.રા.ગાંધીનગરનો તા.૧૮/૦૯/૨૦૨૪ પત્ર અન્વયે બાલવાટીકા અને ધોરણ-૧ માં જે બાળકોએ પ્રવેશ લીધેલ છે તેવા બાળકોનો આધારકાર્ડ વહેલી તકે બને અને મેન્ડેટરી અપડેશન સમયમર્યાદામાં પૂર્ણ થાય તેવું આયોજન બાબતે તમામ પ્રાથમિક શાળાઓએ અમલ કરવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

ક્રમાંક:પ્રાશિનિ/આધાર/૨૦૨૪/૨૮૬૨-૯૪૮
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૧૮/૦૯/૨૦૨૪

<u>પરિપત્રઃ-</u>

વિષયઃ- વિદ્યાર્થીઓને પ્રથમ વખત આધારકાર્ડ નિઃશૂલ્ક બનાવી આપવા બાબત.
સંદર્ભઃ- અત્રેના પત્રાંકઃ- પ્રાશિનિ/આધાર/૨૦૨૪-૨૫/૨૭૧૩-૨૭૫૦ તા.૧૦/૦૬/૨૦૨૪

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, સંદર્ભીત પત્રથી બાલવાટીકા અને ધોરણ-૧ માં જે બાળકોએ પ્રવેશ લીધેલ છે જેના આધારકાર્ડ કાઢવાના બાકી છે તેવા બાળકોની યાદી અને આધારકાર્ડ ન હોય તેવા બાળકોનું આધારકાર્ડ વહેલી તકે બને અને મેન્ડેટરી અપડેશન સમયમર્યાદામાં પૂર્ણ થાય તેવું આયોજન કરવા સંદર્ભના પત્રથી સૂચના અને ગાઇડલાઇન આપવામાં આવેલ છે. સદર ગાઇડલાઇનની ધ્યાનમાં રાખવાની બાબતોના મુદ્દા નં. ૨ મુજબ બાળકોના આધારકાર્ડ UIDAIની ગાઈડલાઈન પ્રમાણે નિઃશુલ્ક છે જેથી વધુમાં વધુ બાળકો તેનો લાભ મેળવી શકે અને ગુજરાત રાજયની તમામ પ્રાથમિક શાળામાં બાલવાટીકા અને ધોરણ-૧ તથા ધોરણ- ૨ થી ૮ ના બાળકોના આધારકાર્ડ એનરોલમેન્ટ અને મેન્ડેટરી અપડેશન સમયમર્યાદામાં પૂર્ણ થાય તેવું આયોજન આપની કક્ષાએથી સુનિશ્ચત કરવા આથી પુનઃ જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

પ્રતિ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ